# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

# શનિવાર, ૦૧ નવેમ્બર, ૨૦૨૫

**૩૨૪. ગૌણ વિધાન સમિતિની બેઠક :–**

ગૌણ વિધાન સમિતિની બેઠક મંગળવાર, તા.૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ગુજરાત વિધાનસભાના મકાનમાં ચોથા માળે સમિતિ ખંડ–૪માં મળી હતી.

સમિતિએ ઉક્ત બેઠકમાં ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ બંદરો અને વાહન વ્યવહાર વિભાગના એજન્ડા ક્રમાંક: ૧, નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના એજન્ડા ક્રમાંક: ૪૪ અને ૪૫, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સના વિભાગના એજન્ડા ક્રમાંક ૪૬ અને ૪૭, શિક્ષણ વિભાગના એજન્ડા ક્રમાંક: ૪૮ તથા અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના એજન્ડા ક્રમાંક: ૪૯ અને ૫૦ પરની અધિસૂચનાઓની આંતરિક ચકાસણી હાથ ધરી હતી.

સદર અધિસૂચનાઓ પરત્વે સમિતિએ ચર્ચા વિચારણા કરી હતી તેમજ ઉક્ત અધિસૂચનાઓ પૈકી એજન્ડા ક્રમાંક: ૧ પરની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની અધિસૂચના સંબંધે ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળની કામગીરી અને અસરકારકતા તેમજ માર્ગ સુરક્ષા સંબંધી કામગીરીને વધુ સમજવા માટે, એજન્ડા ક્રમાંક: ૪૬ પરની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના સંબંધે જર્કની કામગીરી અંતર્ગત અને એજન્ડા ક્રમાંક: ૪૮ પરની શિક્ષણ વિભાગની  અધિસૂચના સંબંધે ઉચ્ચ શિક્ષણ પરિષદના નિયમો વધુ સમજવા માટે વિભાગોને સમિતિએ રૂબરૂ બોલાવવાનું નક્કી કર્યુ હતું. અન્ય તમામ અધિસૂચનાઓ ચર્ચાને અંતે સમિતિએ મંજૂર રાખી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**